## સમુદ્રની જળરાશિ વચ્ચે ઘેરાયેલું પ્રાચીન અને અનોખું શિવાલય



દ્વારકા | દ્વારકાના સમુદ્ર ક્ષેત્રે સમુદ્રની જળરાશિ વચ્ચે ઘેરાયેલું પ્રાચીન તેમજ અનોખું શિવાલય ભડકેશ્વર મહાદેવનું પૌરાણિક શિવાલયનો સમુદ્ર વચ્ચે અલૌકિક નજારો જોવા મળે છે.ચારે તરફ ઘેરાયેલા કેસરિયા પથ્થરો તથા ઘાટ ભૂરા રંગની સમુદ્રની જળરાશિ વચ્ચે દયાનમગ્ન ઋષિ જેવું અલૌકિક આ શિવાલય એટલે ભડકેશ્વર મહાદેવનું પ્રાકૃત મંદિરના દર્શન કરવા હજારો ભાવિકભક્તો આવતા હોય છે. પુરાણ પ્રસિદ્ધ મોક્ષદાયિકા દ્વારકા નગરીમાં ઠેર ઠેર શિવાલયો સ્થાપિત છે.અને દરેક શિવાલયની આગવી વિશેષતા પણ રહી છે.આ બધા શિવાલયોમાં સૌથી વધારે ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતું ભડકેશ્વર મહાદેવનું મંદિર છે.રત્નાકાર પોતાના જળથી ભગવાન શિવના નિત્ય ચરણ પખાળી શકે તે માટે અફાટ જળરાશિને મધ્યે ખડક પર ભગવાન ભડકેશ્વરનું શિવાલય આવેલું છે.

### રાત્રે ટ્રેકર ગયા બાદ માછીમાર સિંહ હતા ત્યાં ગયા

# ગુજરડાનો યુવાન માછીમારી કરવા ગયો, સિંહે ફાડી ખાધો

ભાવનગર | મહુવાના ગુજરડા ગામની સીમમાં આજે સવારે એક માછીમારનો મુતદેહ મળી આવતા તેનું મોત કોઈ વન્ય પ્રાણીના હુમલાથી થયાનું સામે આવ્યું છે. પ્રાથમીક તપાસમાં સિંહે હુમલો કરી ફાડી ખાધાનું અનુમાન સેવવામા આવ્યુ છે. વન વિભાગે આમ મામલે સઘન તપાસ હાથ ધરી છે.

## સિંહણ અને બે બચ્ચાને પકડવા માટે વન તંત્રની કાર્યવાહી

મુળ સરતાનપર બંદરના વતની અને હાલ વર્ષોથી ગુજરડા ગામે રહે માછીમારી કરતા રામજીભાઇ દાનાભાઇ ચુડાસમા (ઉ.વ.35) ગત રાત્રીના સુમારે લામધાર તરીકે ઓળખાતા વિસ્તારમાં માછીમારી કરવા ગયા હતા.અને સિંહે હુમલો કરતા તેમનુ મોત નીપજયું હતુ.

ભાવનગર વન વિભાગે જણાવ્યુ હતુ કે લામધાર વિસ્તારમાં આજે સવારે 7-30 કલાકે વન વિભાગના ટ્રેકર આનંદભાઇ ગમારા જયારે પોતાની ફરજ મુજબ સિંહને ટ્રેક કરવા આવેલ ત્યારે આગલી રાત્રે જયા સિંહ બેસેલા ત્યા તપાસ કરતા સિંહ જવા મળેલ નહિં પરતુ એક માનવ લાશ પ્રાણીઓ દ્વારા ખવાયેલી હાલતમાં જોવા મળી હતી. તે લાશ રામજીભાઇની હોવાનુ અને તેઓ બનાવની રાત્રે આનંદભાઇને જોવા મળેલ હતો અને તેઓને જણાવાયુ હતુ કે સિંહ આ વિસ્તારમાં હોય માટે તમે અહિથી જતા રહો અને કદાચ મોડી રાત્રે તેઓ ફરી આ વિસ્તારમાં આવ્યા હોય અને તેમના પર વન્ય પ્રાણીએ હુમલો કરેલ હોય તેવી શક્યતા હોય તેણે તુરંત ફોરેસ્ટ ગાર્ડને જાણ કરી હતી. જેમણે આરએફઓને જાણ કરતા લાશનો કબ્જો પોલીસ ખાતાએ લઇ પી.એમ.માટે હોસ્પીટલમા મોકલી આપેલ છે.

વન વિભાગને એ સ્થળે સિંહ પ્રાણીના પગના નીશાન જોવા મળેલ છે. સ્થળ પંચનામુ કરવામાં આવેલ અને મુત્યુ પામેલ રામાભાઇના પિતાજી ને સાત્વના આપી સરપંચ રૂબરૂ સાધનીક કાગળો તૈયાર કરી સહાય ચૂકવવાની કાર્યવાહી ગતીમા છે.

### સિંહ પરિવારના આંટાફેરાથી ભય

મહુવા | મહુવા શહેર અને તાલુકાના લોકો માનવ વસ્તી નજીક સિંહ પરિવારના આટા ફેરાથી લોકો ભયના ઓથાર નીચે જીવી રહયા છે. સરકારે ખેડૂતોને એમ કહી રહી છે કે નીલગાય અને ભુંડના ત્રાસથી આ રાની પશુઓ બચાવે છે પરંતુ રાની પશુઓ સીમ મુકી માનવ વસ્તી આસપાસ ડેરા જમાવે ત્યારે ભય ઊભો થાય છે. મહુવાની ત્રણ બાજુ સિંહના રક્ષણ અને પાલન પોષણ પાછળ લાખ્ખો રૂપિયાનુ આંધણ થાય છે.પરંતુ જંગલ ખાતાના માણસોને બાવળ અને લાકડાના વહીવટમાં જ રસ છે.

### જૂના પાદરા રોડની હરિભક્તિ એક્સટેન્શન મુદ્દે USAનાં લોપા દવેએ વ્યથા ઠાલવી

# વડોદરામાં રૂ. 115 કરોડની મિલકત પાણીના ભાવે પડાવી લેવાનો કારસો

વડોદરા | જૂના પાદરા રોડની હરિભક્તિ એક્સટેન્શનની રૂા.16 કરોડની મિલકતનો રૂા. 72 લાખમાં દસ્તાવેજ કરવાના પ્રકરણમાં વધુ ચોંકાવનારી વિગતો બહાર આવી છે. લીલેરિયા પાર્ટી પ્લોટના સંચાલક વીર પટેલ અને ફતેગંજ પેટ્રોલપંપ માલિક ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત 4 જણ 115 કરોડની મિલકતની પાણીના ભાવે સોદાબાજી કરવા આવ્યા હોવાનો એનઆરઆઇ મહિલાએ પોલીસ સમક્ષ ઘટસ્ફોટ કર્યો છે. વીર પટેલ બાદ ધર્મેન્દ્રસિંહ વાઘેલાની પણ ક્રાઇમ બ્રાન્ચમાં પૂછતાછ કરાશે તેમ પોલીસે જણાવ્યું હતું.

## ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ક્રાઇમ બ્રાન્ચમાં બોલાવાયો : વીર પટેલની 7 કલાક પૂછતાછ

યુએસએ ટેક્સાસમાં રહેતાં 67 વર્ષીય લોપા પંકજ દવેએ કહ્યું કે, સંયુક્ત માલિકીની ઓફિસ જાણ બહાર વેચાઇ ગઇ હોવાની માહિતી મળતાં તેઓ 28 નવેમ્બરે વડોદરા આવ્યાં હતાં. ત્યારબાદ વીર પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, તેમના એકાઉન્ટન્ટ અને એક વકીલ તેમની પાસે આવ્યા હતા. તમારી ઓફિસ વેચાઇ ગઇ છે, તમારી તમામ મિલકતોના કાગળ બતાવો. કોર્ટમાં જશો તો વર્ષો સુધી કેસ ચાલશે. તેના કરતાં તમારા મિલકત સંબંધી જે કોઇ વિવાદ ચાલે છે તે અમે પતાવી દઇશું , અમે તમારી બધી જ મિલકત લઇ લઇશું. હરિભક્તિ એક્સટેન્શનના 8000 સ્કે.ફૂટના પ્લોટની રૂા. 72 લાખ ઓફર આપી હતી. 16 કરોડની મિલકત તેમને પાણીના ભાવે લેવી હતી. આ લોકોએ વાસદની કંપની, વાઘોડિયાની જમીન સહિત 115 કરોડની મિલકત સસ્તામાં પડાવી લેવાનો પ્લાન હોવાનું તેમણે જણાવ્યું હતું.

ક્રાઇમ બ્રાંચે લીલેરિયા પાર્ટી પ્લોટના સંચાલક વીર પટેલની બુધવારે મોડી રાત સુધી 7 કલાક પૂછપરછ કરી હતી. વીર પટેલે રેમન જીલેટીન કંપની માટે બિઝનસ ટોક કરવા ગયો હતો, ઓફિસ બાબતે કોઇ વાત કરી નથી તેવું રટણ કર્યું હતું. ધર્મેન્દ્રસિંહ વાઘેલાને પણ ક્રાઇમ બ્રાન્ચે પૂછતાછ માટે તેડું મોકલ્યું છે તેમજ વીર પટેલની ગુરુવારે પૂછપરછ કરાઇ છે.

## આપઘાત કેસમાં તપાસ અધિકારીને હાઈકોર્ટનું તેડું

ભાસ્કર ન્યૂઝ | વડોદરા

વ્યાજખોરોથી ત્રસ્ત થઇ આત્મહત્યા કરી લેનાર કરજણ તાલુકા ભાજપ યુવા મોરચાના પૂર્વ પ્રમુખ પિનાકીન પટેલનો મોબાઇલ પોલીસ સ્ટેશનમાંથી ગુમ થઇ જતાં હાઇકોર્ટે તપાસ અધિકારીને 17 ડિસેમ્બરે કેસના કાગળો અને કેસ ડાયરી લઇ હાજર રહેવા હુકમ કર્યો છે. કરજણ તાલુકા ભાજપ યુવા મોરચાના પૂર્વ પ્રમુખ પિનાકીન પટેલને રૂા. 17 અને 19 લાખ વ્યાજે આપી એક અને સવા કરોડ રૂપિયાની વસૂલી કરનાર વડોદરા જિલ્લા ભાજપના માજી મહામંત્રી પ્રવીણસિંહ ચંદ્રસિંહ અટાલિયા અને કરજણ શહેર કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ ઉર્ફે ગઠભાઇ અશોકસિંહ ચાવડા સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી પોલીસે ધરપકડ કરી હતી.

### વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આયોજન

# નાસાના સ્પેસ ટ્રાવેલનું સાયન્સ સિટીમાં પ્રદર્શન

## ફ્યૂચરિસ્ટિક ટેક્નોલોજીના સંશોધનો ડિસ્પ્લે થશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગત વાઈબ્રન્ટ સમિટમાં નોબેલ પ્રાઇઝ એક્ઝિબિશન યોજાયા બાદ આ વખતે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન અમદાવાદ સાયન્સ સિટી ખાતે ફ્યૂચરિસ્ટિક ટેક્નોલોજી અને નાસાએ તૈયાર કરેલું સ્પેસ ટ્રાવેલનું એક્ઝિબિશન યોજાશે.

17થી 20 જાન્યુઆરી 4 દિવસ માટે યોજાનારા ફ્યૂચરિસ્ટિક ટેક્નોલોજી એક્ઝિબિશનમાં 75થી વધુ સંશોધનો પ્રદર્શિત કરાશે જ્યારે સ્પેસ ટ્રાવેલ એક્ઝિબિશન 17 જાન્યુઆરીથી 11 મે 4 મહિના સુધી યોજાશે જેમાં વિવિધ 20 જેટલા મોડેલ મુકાશે. સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સચિવ ધનંજય દ્વિવેદીએ કહ્યું કે ફ્યૂચરિસ્ટિક ટેક્નોલોજી એક્ઝિબિશનમાં ભવિષ્યમાં ઉપયોગમાં લેવાશે તેવી ટેક્નોલોજીનું નિદર્શન થશે. જેમાં સ્માર્ટ ગેઝેટ્સ, સેલ્ફ ડ્રાઈવિંગ વ્હીકલ, ફેસિયલ અને રોબોટ્સ અને ડ્રોનનો સમાવેશ થાય છે. શેપિંગ એ ન્યૂ ઈન્ડિયા થીમ પર 9000 ચોરસફૂટ વિસ્તારમાં યોજાનાર સ્પેસ ટ્રાવેલ એક્ઝિબિશનમાં ઈમર્સિવ એન્વાયરમેન્ટ્સ અને ડાયોરામાસની એક શ્રેણી રજૂ થશે જે આગામી 50થી 100 વર્ષના અવકાશ સંશોધનની ઝાંખી આપશે.

## રતનપુરમાં દિવેલા ખાતાં આફરો ચડતાં 16 ગાયોના મોત

ભાસ્કર ન્યૂઝ | ઇડર/ હિંમતનગર

ઇડર તાલુકાના રતનપુરમાં બુધવારે ખેતરમાં દિવેલાના ઉભા પાકનુ ભેલાણ કરવાનુ હોઇ ગાયોને ચરવા માટે છૂટી મૂકી દેવામાં આવ્યા બાદ આખો દિવસ દિવેલા ચર્યા બાદ સાંજે પરત આવતી વેળા હવાડામાંથી પાણી પીતા ગાયોને આફરો ચડી ગયો હતો અને ટપોટપ પડવા માંડી હતી અને મોડી સાંજ સુધીમાં એક સાથે 16 ગાયોના મોત નીપજતા દોડધામ મચી જવા પામી હતી.

સંખ્યા બંધ ગાયોને અસર થવા માંડતા ભેરાભાઇ રબારીએ ગામની દૂધ મંડળીમાં જઇ વીઝીટ લખાવી હતી. શીતકેન્દ્ર પરથી ડોક્ટરની ટીમ આવી ગઇ હતી અને સારવાર ચાલુ કરી હતી. પરંતુ અગિયાર અને અન્ય પાંચ મળી કુલ 16 ગાયોને બચાવી શકાઇ ન હતી.

### લોખંડની ભઠ્ઠીમાં મોડી રાત્રે બનેલી ઘટના

# દાનહના સ્ટીલ પ્રોડક્ટમાં બ્લાસ્ટ, 3 કામદારોના મોત

## અન્ય બે કામદારોની હાલત પણ અત્યંત નાજુક

ભાસ્કર ન્યૂઝ | સેલવાસ

દાનહના નરોલી કનાડી ખાતે આવેલ શ્રી ક્રિષ્ના સ્ટીલ પ્રોડક્ટમાં મોડી રાતે બ્લાસ્ટ થતા 3 કામદારોના મોત 2 ની હાલત નાજુક છે આ કમ્પનીમા કામદારોની સુરક્ષાના નામે મીંડું હોવાનું જણાઈ આવ્યું છે

બુધવારની મોડી રાતે લગભગ 2-45 વાગ્યા સુમારે નરોલી કનાડી ગામે આવેલ શ્રી ક્રિષ્ના સ્ટીલ પ્રોડક્ટ લોખંડ ગાળવાની ભઠ્ઠી માં જોરદાર બ્લાસ્ટ થયો હતો જેના કારણે ભઠ્ઠી પર કામા કરતા રાજકુમાર ભણકાર (20) રહેવાસી સતાના, વિજય ભણકાર (20) તિલક રામ યાદવ (18) જેવો વધુ પડતા દાજી જવાથી ઘટના સ્થળે મોત થયા હતા એજ પ્રમાણે ગંભીર રૂપે ઘાયલ મુનસીલાલ યાદવ (18) રાજારામ માનકાર (19) થયા હતા એજ પ્રમાણે ભઠ્ઠી નજીક ઉભેલો વિનોદ શર્માને નાની મોટી ઈજા થઇ જેઓને સારવાર માટે સેલવાસ સિવિલ ખાતે ખસેડાયા હતા જ્યા તબીબોએ એમની હાલત નાજુક હોવાનું જણાવ્યું હતું. વિનોદને સારવાર બાદ રાજા અપાય હતી મળેલી માહિતી પ્રમાણે ઘાયલ કામદારોને મુંબઈની સાયન ખાતે આવેલ બર્ન હોસ્પિટલમાં ખસેડાયા છે.

## જસદણમાં કોંગ્રેસી મહિલાઓનાં મોંઘવારી મુદ્દે દેખાવો

ભાસ્કર ન્યૂઝ | જસદણ

જસદણ વિધાનસભા-72 મતવિસ્તારની પેટા ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે જસદણના ગંગાભુવન વિસ્તારમાં આવેલ હરિદર્શનનગરમાં રાજકોટ જીલ્લા કોંગ્રેસ મહિલા પ્રમુખ ભાવનાબેન ભૂત, રાજકોટ શહેર મહિલા પ્રમુખ મનીષાબા વાળા અને જસદણ શહેર મહિલા પ્રમુખ રંજનબેન તોગડીયાની આગેવાની હેઠળ 50થી વધુ કોંગ્રેસના મહિલા કાર્યકરોએ ભાજપ સરકાર વિરોધ અને મોંઘવારીના મારને લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં કોંગ્રેસ મહિલા આગેવાનોએ રસ્તા વચ્ચે ચુલો સળગાવી રોટલા કર્યા હતા અને સરકાર વિરોધી આક્ષેપો કરી છાજીયા લીધા હતા.

### યોગ્ય ડ્રેજિંગ વિના પ્રોજેક્ટ ચલાવવો મુશ્કેલ

# ઘોઘા-દહેજ રો-પેક્સ ફેરી સર્વિસનો આજથી પુનઃપ્રારંભ

## પ્રોજેક્ટ ચલાવવા માટે GMB પ્રયાસરત : ચઢ્ઢા

ભાસ્કર ન્યૂઝ | ભાવનગર

ઘોઘા-દહેજ રો-પેક્સ ફેરી સર્વિસના જહાજમાં તકનીકી સમસ્યાઓ સર્જાઇ હતી, 23 દિવસ સુધી મરામત કાર્ય ચાલ્યા બાદ રો-પેક્સ ફેરી સર્વિસનો શુક્રવારથી પુનઃ પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટમાં નડી રહેલી સમસ્યાઓ અંગે ઇન્ડીગો સીવેઝ તરફથી જણાવવામાં આવ્યુ હતુકે, યોગ્ય ડ્રેજીંગ વિના ફેરી સર્વિસનો પ્રોજેક્ટ ચલાવવો મુશ્કેલ કાર્ય છે. સતત અને નિયમીત ડ્રેજીંગ પર આ પ્રોજેક્ટની સફળતાનો મુખ્ય આધાર છે.

રો-પેક્સ ફેરી ઓપરેટર ઇન્ડીગો સી-વેઝના સીઇઓ કેપ્ટન મનરાલે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુકે, ઘોઘામાં શિલ્ટિંગની વધુ સમસ્યા નથી પરંતુ દહેજમાં નદીનું મુખ નજીકમાં હોવાથી મોટી માત્રામાં માટી ઢસડાઇને સી-બેડમાં આવી જાય છે, અને નિયમીત ડ્રેજીંગ કરવામાં આવતુ નહીં હોવાથી દહેજમાં ઓછા પાણીમાં જહાજને જરૂરી 5 મીટરનો ડ્રાફ્ટ મળતો નથી. ગુજરાત મેરિટાઇમ બોર્ડે આ પ્રોજેક્ટની સફળતા માટે ડ્રેજીંગ સર્વે સતત કરાવી અને જરૂરીયાત મુજબનું ડ્રેજીંગ ત્વરીત થવુ જોઇએ.

## ભાઈ શ્રીએ અંબાણી પરિવારના લગ્નપ્રસંગે હાજરી આપી



પોરબંદર સાન્દીપનિ વિદ્યાનિકેતનના પ્રણેતા અને રાષ્ટ્રીય સંત રમેશભાઈ ઓઝાએ મુંબઈ ખાતે યોજાયેલ અંબાણી પરિવારના લગ્ન પ્રસંગે હાજરી આપી હતી અને નવદંપતિને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અમેરીકાના હિલેરી ક્લિન્ટન તથા કોકીલાબેન અંબાણી સાથે ભારતીય સંસ્કૃતિ તથા આધ્યાત્મિક બાબતો વિશે ચર્ચા કરી હતી.

**ભાસ્કર વિશેષ** • મુંબઈના કામાઠીપુરામાં ગણિકાના ઘરે પહોંચેલા બાપુએ કહ્યું : દીકરીઓ પિતાના ઘેર જાય છે, હું દીકરીને ઘેર આવ્યો છું

# મોરારિબાપુને જોઇ ગણિકાઓની આંખો ભીની થઇ

વિપુલ શાહ. મુંબઈ

હંમેશાં દીકરીઓ પિતાને ઘેર જાય છે, હું દીકરીને ઘેર આવ્યો છું, એમ પૂ. મોરારીબાપુએ ગુરુવારે મુંબઈની બદનામ ગલી મનાતા કામાઠીપુરા (12મી ગલી)માં ગણિકાઓને સંબોધતાં જણાવ્યું ત્યારે ગણિકાઓની આંખો ભીની થઈ ગઈ હતી. 200થી વધુ ગણિકાઓ બાપુને સાંભળવા માટે આવી પહોંચી હતી.

માનસ ગણિકા (નગરવધૂ) પર અયોધ્યામાં 22થી 30મી ડિસેમ્બર દરમિયાન પૂ. મોરારીબાપુના કથાવાચનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ નગરવધૂઓ હાજર રહે એવો પ્રયાસ પૂ. મોરારીબાપુ કરી રહ્યા છે. 22 ડિસેમ્બરે સાંજે 4થી 7 વાગ્યે અને 22મીથી 30મી ડિસેમ્બરે સવારે 9.30થી બપોરે 1.30 વાગ્યા સુધી કાર્યક્રમનો સમય છે.

મુંબઈના કામાઠીપુરામાં નગરવધૂઓને આ કથાવાચન કાર્યક્રમનું નિમંત્રણ આપવા માટે ખુદ પૂ. મોરારીબાપુ પહોંચ્યા ત્યારે હંમેશાં અંધકારમય રહેતી આ ગલીઓ પ્રકાશમાન બની ગઈ હતી. હંમેશાં ગ્રાહકોની રાહ જોતી ગણિકાઓને આજે જાણે બાપુના આગમનની ભારે ઉત્સુકતા હતી એવું વાતાવરણ હતું.

### આ મારા માટે એક યાત્રા જ છે અને આ તુલસી ગલી છે



અહીં આવ્યો તે મારે માટે એક યાત્રા છે. આ ગલી જે ઓળખ ધરાવે છે તે જે પણ હોય, પરંતુ મારે માટે આ તુલસીગલી છે. તમે ક્યારેય પોતાને નિમ્ન કે અધન ના સમજો. તમે જે પણ ધર્મના હોય, પોતાના ઈષ્ટદેવ ભગવાનનું નામ લો. તેનાથી અધમમાં અધમ માણસનો પણ ઉદ્ધાર થાય છે. હું આ રામકથા અયોધ્યામાં કરવાનું છું, પરંતુ તેનું મંગળચરણ અહીં થયું છે, એમ તેમણે જણાવ્યું હતું.

**બાપુએ ગણિકાઓને આમંત્રણ આપ્યું**

સંબોધન પછી બાપુ અમુક ઘરોમાં ગયા હતા અને ગણિકાઓને પોતાને હાથે આમંત્રણ આપ્યું હતું, જે સમયે ગણિકાઓ ભાવવિભોર થઈ ગઈ હતી. ગણિકાઓને સાડીઓ અને સાલનું વિતરણ કરાયું હતું.

## ધૂમકેતુ વિરાટનેન પૃથ્વીના નજીકથી પસાર થશે જે 16મીએ નિહાળી શકાશે

ભાસ્કર ન્યૂઝ | ભાવનગર

માનવી પોતાના ઉદ્દભવ સાથે જ ખગોળીય ઘટનાઓ અને તેના રહસ્યો વિષે જાણવા આતુર રહ્યો છે. બ્રમ્હાંડમાં બનતી ખગોળીય ઘટનાઓ પૈકીની એક એટલે ધૂમકેતુનું પૃથ્વીની નજીકથી પસાર થવું. આગામી તા.16 ડીસેમ્બરને રવિવારે કોમેટ 46/પી વિરાટનેન પૃથ્વીથી 11,580,000 કિલોમીટરના અંતરેથી પસાર થશે. જે વર્ષ 1950 પછી પૃથ્વીની સૌથી નજીકના અંતરેથી પસાર થશે.જે આ વર્ષનો સૌથી તેજસ્વી ધૂમકેતુમાનો એક છે. જે તીમીલીંગ અને વૈતરણી તારામંડળની વચ્ચેથી પસાર થશે. જે સંધ્યા બાદ પૂર્વ દિશાએથી જોઈ શકાશે.

# 8મો વિશ્વ આયુર્વેદિક કોંગ્રેસ અને આરોગ્ય એક્સ-પો ’18

## 14થી 17 ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

આયુર્વેદમાં એક તંદુરસ્ત વ્યક્તિના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે તેમજ રોગગ્રસ્ત વ્યક્તિઓના સ્વાસ્થ્યને પુનઃ પ્રાપ્ત કરવા માટે અનેક માર્ગો અને પદ્ધતિઓ છે. એવી વિવિધ આયુર્વેદિક ઉપચાર પદ્ધતિઓ અને દવાઓ છે જે વ્યક્તિનું આરોગ્ય જાળવવા અને રોગોની સારવાર કરવામાં મદદ કરે છે.

આયુર્વેદના ઉપયોગ દ્વારા શ્રી ધૂતપાપેશ્વર લિમિટેડ દ્વારા 8મો આયુર્વેદ કોંગ્રેસ અને આરોગ્ય એક્સ્પો ખાતે હેંગર બી સ્ટોલ નંબર 150થી 166મા સ્ટોલ પર ફ્રી હેલ્થ ચેક અપ ક્લિનિકસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા આયુર્વેદ ચિકિત્સકો દ્વારા સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ માટે આયુર્વેદિક પરામર્શનો લાભ લઈ શકશે. આ ક્લિનિક્સમાં કોઈ પણ ખર્ચ વિના હાડકાની ખનીજ ઘનતા (બોન મિનરલ ડેનસિટી) પરીક્ષણની વિશેષ સુવિધા પણ ઉપલબ્ધ છે અને ખાસ કરીને સંધિવાના દર્દીઓ માટે ફિઝિયોથેરાપી માર્ગદર્શન પણ આપવામાં આવશે. ફ્રી હેલ્થ ચેક અપ ક્લિનિક્સમાં ભાગ માટે પ્રી-રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન માટે 9429137290, 9723021820નો સંપર્ક કરવો.